રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૮૦ કેસ, ૧૪ના મૃત્યુ

અત્યાર સુધીમાં કુલ ૭૭૭૮૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા જ્યારે ૩૦૨૨ લોકોનાં કોરોનાથી મૃત્યુ થયા

ગાંધીનગર,તા.૩૧

અનલોક-૩ના અંતિમ દિવસે રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના ૬૬૩૬૩ ટેસ્ટ કરવામાં આવતા ૧૨૮૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૯૬ હજારને થઈ ૯૬૪૩૫ થયો છે. રાજ્યમાં આજે કોરોનાને લીધે ૧૪ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૩૦૨૨ થયો છે. રાજ્યમાં આજે ૧૦૨૫ દર્દીને ડિસ્ચાર્જ કરાતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૭૭ હજારને પાર થઈ ૭૭૭૮૨ થયો છે. રાજ્યમાં કુલ એક્ટિવ કેસ ૧૫૬૩૧ આજની સ્થિતિએ છે જેમાં ૭૯ વેન્ટીલેટર પર અને ૧૫૫૫૨ સ્ટેબલ છે. અનલોક-૩ દરમિયાન રાજ્યમાં કોરોના પોઝિટિવનો દૈનિક આંકડો ૧૦૦૦થી ૧૨૦૦ની વચમાં સરેરાશ રહ્યો છે. રાજ્યમાં આજરોજ કોવિડ-૧૯ના કારણે કુલ ૧૪ દર્દીના મોત થયા છે. જેમાં અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેરમાં ૩, ભાવનગર શહેરમાં ૨, રાજકોટ જિલ્લામાં ૨ અને શહેરમાં ૧ મોત કોરોનાને લીધે નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૭ અને જિલ્લા ૨૬ સાથે ૧૭૩ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૩૧૫૧૯ થયો છે. આજે ૩ મોત નોંધાતા મૃત્યુઆંક ૧૭૧૬ થયો છે. સુરત શહેરમાં ૧૭૧ અને જિલ્લામાં ૮૬ સાથે ૨૫૭ કેસ કોરોનાના આજે નોંધાયા છે. આ સાથે સુરતમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૦૬૬૮ થયો છે. સુરત શહેરમાં આજે ૩ના મોત થયા છે. વડોદરા શહેરમાં ૯૩ અને જિલ્લામાં ૩૫ સાથે કુલ ૧૨૮ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૮૧૯૭ થયો છે. આજે વધુ ૧ મોત સાથે મૃત્યુઆંક કુલ ૧૩૧ થયો છે. રાજકોટ શહેરમાં ૮૪ અને જિલ્લામાં ૩૪ સાથે ૧૧૮ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૪૮૦૨ થયો છે. આજે વધુ મોત સાથે ૯૨ મોત કુલ થયાં છે. ભાવનગર શહેર ૨૬ અને જિલ્લામાં ૧૪ સાથે ૪૦ કેસ નોંધાયા આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૮૨૧ થયા છે. આજે વધુ ૨ મોત થતા કુલ ૪૫ મોત થયા છે.

પ્રણવદાને મોદી, અમિત શાહ, સોનિયા અને રાહુલની અંજલિ

કોંગ્રેસના દિગ્ગજ નેતાની વિદાયથી દેશને મોટી ખોટ પડશે

નવી દિલ્હી, તા. ૩૧

દેશના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનું સોમવારે નિધન થયું છે. તેઓ ઘણાં લાંબા સમયથી બીમાર હતા અને દિલ્હીમાં આર્મી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. પ્રણવ મુખરજીના દીકરા અભિજિત મુખરજીએ તેમના ટ્વીટમાં લખ્યું, ડૉક્ટર્સ અને આર. આર. હૉસ્પિટલના પ્રયાસો અને લોકોની પ્રાર્થના, દુઆ છતાં મારા પિતા પ્રણવ મુખરજીનું હમણાં જ નિધન થયું છે. દેશના ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરતાં લખ્યું, પૂર્વ રાષ્ટ્રપતિ અને ભારતરત્ન પ્રણન મુખરજીના નિધન અંગે ખૂબ જ દુખ અનુભવું છું. તેઓ દેશની એકનિષ્ઠાથી દેશની સેવા કરનારા અનુભવી નેતા હતા.

તેમની કારકિર્દી એ સમગ્ર દેશ માટે ગર્વ લેવાની બાબત છે. આધુનિક ભારતમાં એવા ઓછા નેતા હશે જેઓ પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના કદને આંબી શક્યા હોય. બ્રેઈનની સર્જરી પહેલાં તેમનું કોરોના વાઈરસનું પરિક્ષણ કરાયું હતું, જે પૉઝિટિવ આવ્યું હતું. સર્જરી પહેલાં તેમણે જાતે ટ્વીટ કરીને આ અંગે જાણકારી આપી હતી. પાંચ દાયકાથી લાંબી પોતાની રાજકીય કારકિર્દીમાં પ્રણવ મુખરજીએ લગભગ બધું જ મેળવી લીધું હતું. વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ સુધી રાષ્ટ્રપતિ રહેલા પ્રણવ મુખરજીને કોઈ એક ખાસ શ્રેણીમાં મૂકવા કાઠું છે. જો તેઓ રાજનાયક હતા તો અર્થશાસ્ત્રીના તરીકે પણ ઓળખાતા હતા. શરૂઆતમાં તેઓ શિક્ષક અને પત્રકાર હતા.

તેઓ સરંક્ષણમંત્રી અને નાણામંત્રી રહ્યા હતા. મુખરજી ભારતીય બૅન્કોની સમિતિથી લઈને વર્લ્ડ બેંકના બૉર્ડના સભ્ય પણ રહ્યા હતા. લોકસભાના અધ્યક્ષ તરીકે પણ તેમણે કામગીરી બજાવી હતી. પ્રણવદાના નિધન પર કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને કોંગ્રેસી નેતા રાહુલ ગાંધી પણ પણ દુખ વ્યક્ત કર્યું.

ગાંધીનગર શહેરના સર્કિટ હાઉસ ખાતે શિક્ષિત બેરોજગારના પડતર પ્રશ્નો મુદ્દે મુખ્યમંત્રીને રજુઆત માટે શિક્ષિત બેરોજગાર સમિતિના સભ્યો એકઠા થયા હતા. જેમાં દિનેશ બાંભણીયા, યુવરાજસિંહ સહિત મોટી સંખ્યામાં ઉમેદવાર ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

તલોદના મામલતદારની રાજ્યના એસોસીએશનના પ્રમુખ તરીકે નિમણુંક

તલોદ, તા. ૩૧

તલોદ તાલુકામાં ખૂબ જ સારી રીતે પ્રજાના લોકહિત અને

અનેક પ્રશ્નોને ધ્યાનમાં રાખી તમામ પ્રકારના પ્રશ્નોનું નિવારણ કરનાર મામલતદાર અગરસિંહ એમ. ચૌહાણ શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ મેળવનાર સતત નિષ્ઠાપૂર્વક ફરજ નિભાવી જેમણે કોરોના બિમારીમાં પણ સારી કામગીરી કરી લોકો માટે સતત કાર્યરત રહીને સમગ્ર જિલ્લા અને રાજ્યભરમાં સર્વોશ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાત રાજ્ય મામલતદાર એસોસિએશન દ્વારા પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવી છે. જેમની બિન હરિફ વરણી થતા તલોદ તાલુકાના પ્રજાજનો તેમજ જિલ્લાભરના કલેક્ટરો તેમજ રાજ્યના અનેક મામલતદારોએ અભિનંદન પાઠવ્યા હતા. જેની ચૌહાણે આભાર પ્રગટ કરી સોંપેલી જવાબદારી સારી રીતે પૂર્ણ કરવાની ખાત્રી આપી હતી.

સાબરકાંઠામાં કોરોનાના વધુ સાત કેસ પ્રકાશમાં આવ્યા

હિંમતનગર, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના પોઝીટીવના નવા સાત કેસ પ્રકાશમાં આવ્યા છે. જેને લીધે કુલ કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૬૫૭ થયો છે. જો કે તે પૈકી ફક્ત ૬૦ દર્દીઓ સારવાર હેઠળ છે. આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જે નવા સાત કેસ પ્રકાશમાં આવ્યા છે તેમાં હિંમતનગરના નવા ગામમાં રહેતા ૪૮ વર્ષીય પુરૂષ, મહેતાપુરાના બ્રહ્માણીનગરના ૫૧ વર્ષીય પુરૂષનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તેજ પ્રમાણે ઈડરની વૈશાલી સોસાયટીમાં ૫૨ વર્ષીય મહિલા (જવાનપુર) તથા જાદર ગામમાં ૩૨ વર્ષીય મહિલા તથા પોશીનામાં પણ એક ૩૨ વર્ષીય મહિલા કોરોનાની ઝપેટીમાં આવી જતા વહિવટીતંત્ર દ્વારા સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે. સાથોસાથ તલોદ તાલુકાના રામપુરા કંપામાં ૩૨ વર્ષીય પુરૂષ અને કઠવાડા ગામમાં રહેતા ૭૫ વર્ષીય મહિલાનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ સાથે તા. ૩૧ ઓગષ્ટ સુધીમાં જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૬૫૭ પર પહોંચી ગયો છે. જોકે તેમાંથી ૫૮૯ દર્દીઓ સાજા થયા છે અને હાલ જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૬૦ પર સ્થિર છે.

બાયડ તાલુકામાં બે દિવસથી મેઘમહેર, ખેતીના પાકને જીવનદાન

સતત બે દિવસથી વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. બાયડ બાયડ તાલુકામાં સતત બે દિવસથી વરસાદે માઝા મૂકી છે ત્યારે વરસાદ પડવાની લઈ ખેડૂતોમાં આનંદ જોવા મળ્યો હતો ત્યારે બાયડમાં વરસાદ પડવાની લઈ લાખેશ્વર વિસ્તાર તથા અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

સંપૂર્ણ તકેદારી સાથે જેઈઈ અને નીટની પરીક્ષા યોજાશે

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સમીક્ષા કરી : ૩૨ કેન્દ્રો ખાતેથી ૩૮૧૬૭ જેઈઈની પરીક્ષા તથા ૨૧૪ કેન્દ્ર ખાતેથી ૮૦૨૯૦ વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા આપશે

ગાંધીનગર,તા.૩૧

રાજ્યભરમાં કોરોના સંક્રમણ સંબધિત સંપૂર્ણ તકેદારી સાથે રાજ્યના વિદ્યાર્થીઓના હિતમાં National Testing Agency, નવી દિલ્હી દ્વારા લેવામાં આવનાર જેઈઈ તથા નીટ પરીક્ષા યોજાશે. આ પરીક્ષાના સુચારુ આયોજનની શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સમીક્ષા કરતા જણાવ્યું હતુ કે, સમગ્ર પરીક્ષા કોવિડ-૧૯ની મહામારીની પરિસ્થિતિમાં તથા વધુ વરસાદના સંજોગોમાં સારી રીતે પરિપૂર્ણ થાય તે માટે વહીવટીતંત્ર સંપૂર્ણપણે સુસજ્જ છે. શિક્ષણ મંત્રીએ રાજ્યના ૧૫ જેટલા જિલ્લા કલેક્ટરઓ સાથે વેબીનારના માધ્યમથી સંપૂર્ણ તકેદારી સાથે પરીક્ષા પાર પડે તે માટે વહીવટીતંત્રને જરૂરી માર્ગદર્શન આપતા જણાવ્યું હતુ કે, ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે જેઈઈ તા.૦૧/૦૯/૨૦૨૦ થી તા. ૦૬/૦૯/૨૦૨૦ દરમિયાન તથા મેડિકલ સંલગ્ન અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નીટ તા.૧૩/૦૯/૨૦૨૦ના રોજ યોજાશે. રાજ્યભરના ૧૩ જિલ્લાના ૩૨ કેન્દ્રો ખાતેથી ૩૮,૧૬૭ વિદ્યાર્થીઓ જેઈઈ પરીક્ષામાં તથા ૧૦ જિલ્લાના ૨૧૪ કેન્દ્ર ખાતેથી ૮૦,૨૯૦ વિદ્યાર્થીઓ નીટની પરીક્ષામાં જોડાશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા પરીક્ષા સંદર્ભે અપાયેલ માર્ગદર્શન મુજબ રાજ્ય સરકાર દ્વારા જ્યાં પરીક્ષાઓ યોજાવાની છે તે ૧૫ જિલ્લાઓના સંબંધિત તમામ કલેક્ટરઓને કેંદ્ર સરકારના Ministry of Human Resource Development દ્વારા જાહેર કરવામાં આવેલ Standard Operating Procedure અનુસાર પરીક્ષાની કાર્યવાહી થાય તે માટે શિક્ષણ મંત્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. મંત્રીએ આ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ તથા વાલીઓને તકલીફ ન પડે તે મુજબ તંત્રને જરૂરી વ્યવસ્થા ગોઠવવા જણાવ્યું હતુ. જેમાં ખાસ કરીને પરીક્ષા સ્થળો અને પરીક્ષા ખંડો સેનેટાઈઝ થાય, પરીક્ષા સ્થળો ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ-નિકાસ દરમિયાન તથા પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થામાં પણ સામાજિક અંતર જળવાય, કોઈ પણ જાતની ભીડ ન થાય, પરીક્ષા સ્થળો ઉપર વિદ્યાર્થીઓને જો જરૂર હોય તો વધારાના માસ્ક મળી રહે અને થર્મલ ગન વડે પરીક્ષા કેન્દ્રમાં તમામ વિદ્યાર્થીઓના શરીરનું તાપમાન માપીને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવે. તદઉપરાંત સેશન પુરૂ થાય ત્યારબાદ તરત જ બેઠક વ્યવસ્થાનું સેનીટાઈઝેશન થાય તે પ્રકારે તમામ વ્યવસ્થા ગોઠવવા મંત્રીએ વહીવટી તંત્રને સુચના આપી હતી. ચૂડાસમાએ વીજ કંપનીઓ, એસ.ટી. તથા આરોગ્ય તંત્ર અને મ્યુનિ. કોર્પોરેશન તથા મ્યુનિસિપાલિટીઓ તથા પરીક્ષા કેન્દ્રો પર કાયદો વ્યવસ્થા જળવાય તે માટે જિલ્લા પોલીસ તંત્ર સાથે સંકલન કેળવી પરીક્ષા સ્થળ ઉપર બિનજરૂરી ભીડ ન થાય તેવી વ્યવસ્થા ગોઠવાય તેની કાળજી લેવા પણ તેમણે સુચના આપી હતી.

રાજકોટ ખાતે ૧૦૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટનું ઈ-લોકાર્પણ

જયંતિ રવિ તેમજ અમદાવાદની ખાસ ડોક્ટર્સની ટીમ રાજકોટ ખાતે રહી જરૂરી તબીબી માર્ગદર્શન પૂરું પાડશે

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજકોટ મહાનગરપાલિકા અને રૂડા દ્વારા નિર્મિત ૪૨૧૬ આવાસોનુ ગાંધીનગરથી વિડીયો લિંક દ્વારા માત્ર સિંગલ ક્લિકથી ડ્રો કરી લોકોના ઘરનું ઘરના સ્વપ્ન પરિપૂર્ણ કર્યું હતું. કુલ ૧૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસકામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમૂહૂર્ત કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, કોરોના મહામારીના સમયમાં પણ ગુજરાતે તેની વિકાસની આગવી ઓળખ જાળવી રાખી વિકાસ યાત્રા અવિરત પણે ચાલુ રાખી છે. ન રૂકના હૈ ન ઝૂકના હૈ ની ખૂમારીથી ગુજરાત આગળ વધ્યું છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ આ તકે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે હકારાત્મક અભિગમ સાથે ૧૪૦૦ દિવસમાં ૧૫૦૦ થી વધુ જનહિત અને વિવિધ વિકાસલક્ષી નિર્ણયો કરી રાજ્યની પ્રગતિને સતત નવી ઊંચાઈએ લઈ જવાની રફતાર જાળવી રાખી છે. રાજકોટે સમગ્ર દેશમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ ૧૦ શહેરોમાં સ્થાન પ્રાપ્ત કરતા તેમણે રાજકોટવાસીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, રાજકોટ લવેબલ અને લીવેબલ બની રહે તે માટે મહાનગરપાલિકા સતત કામ કરી રહી છે તે અભિનંદનીય છે. કોરોના સંક્રમણના રાજકોટમાં વધી રહેલા કેસની સંખ્યાને ધ્યાને લઈ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આરોગ્ય સચિવ જયંતિ રવિ અને અમદવાદની ખાસ ડોક્ટર્સની ટીમ આજથી જ રાજકોટ ખાતે રહી જરૂરી તબીબી માર્ગદર્શન પૂરું પાડશે. આ ઉપરાંત રાજ્ય સરકરની સૂચના મુજબ ધન્વંતરિ રથ તેમજ આરોગ્ય વિભાગની ટીમ સંક્રમણ ખાળવા કોન્ટેક્ટ ટ્રેસીંગ સહીત વિવિધ કામગીરીને વધુ વેગવંતી બનાવવા સંબંધિત વિભાગને સૂચના આપ્યાનું વિજય રૂપાણીએ જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે રાજકોટમાં કોરોના સંક્રમિતોની સારવાર-સુવિધા માટે બેડની પૂરતી સુવિધા છે. આગામી સપ્તાહમાં ૧૫૦ વધુ બેડ પણ કાર્યરત થઈ જવાના છે.

પ્રતિષ્ઠિત અમૂલ ડેરી ઉપર કોંગ્રેસે આધિપત્ય મેળવ્યું

અમદાવાદ,તા.૩૧

વિશ્વભરમાં જાણીતી બનેલી આણંદની અમૂલ ડેરીના નિયામક મંડળની ૨૯મી ઓગસ્ટને શનિવારે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૧૧ બેઠકો માટે ૩૧ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા. હવે આ ચૂંટણીના પરિણામો આવી ગયા છે. મતગણતરી બાદ ભાજપના માતરના ધારાસભ્ય કેસરીસિંહ કારમો પરાજય થયો હતો. જ્યારે હાલમાં ચેરમેન રામસિંહ પરમાર તથા વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ પરમાર ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાયા છે. અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂંટણીના પરિણામની વાત કરીએ તો પૂર્વ ચેરમેનની પેનલનો વિજય થયો છે. જેમાં ખંભાત બેઠક પર સીતાબેન પરમાર, આણંદ બેઠક પર કોંગ્રેસના એમએલએ કાંતિ સાઢો પરમાર, બાલાસિનોરમાં પૂર્વ ધારાસભ્ય રાજેશ પાઠક, માતરમાં કોંગ્રેસના સંજય પટેલની જીત થઈ છે.

અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂટંણીમાં ૯૯.૯૧ ટકા મતદાન થયું હતું. ખેડા, આણંદ અને મહિસાગર જિલ્લાના કુલ ૧૦૪૯માંથી ૧૦૪૬ મતદારો મત આપવા માટે આવ્યા હતા. આ બેઠકોમાં આણંદ, ખંભાત, પેટલાદ, બાલાસિનોર, કઠલાલ, કપડવંજ, માતર તથા વિરપુર બેઠકોમાં ૧૦૦ ટકા મતદાન થયું હતું. કોરોનાની મહામારીની પરિસ્થિતિમાં શાંતિપૂર્ણ પ્રક્રિયાથી મતદાન સંપન્ન થયું હતું. જેમાં અમૂલ ડેરીના કેમ્પસમાં થર્મલ સ્કીનિંગ, સેનિટાઈઝેશન, માસ્ક સહિતની વ્યવસ્થા સાથે ગાઈડલાઈન્સનું ચુસ્ત પણે પાલન કરવામાં આવ્યું હતું. જોકે ચૂંટણી દરમિયાન ડેરીની બહાર ગેટ પર સમર્થકોના ટોળા એકઠા ઉડતા નિયમોના લીરેલીરા ઉડ્યા હતા.

ભડલા ડેમ ઓવરફલો થતા ધંધુકા-અમદાવાદ હાઈવે બંધ

અમદાવાદ,તા.૩૧

સુખ ભાદર નદી પર બાંધેલો ભડલા ડેમના ૧૨ દરવાજા ખોલવામાં આવ્યા છે. જેના કારણે ધંધુકાથી પસાર થતી સુખ ભાદર નદીમાં ઘોડા પૂર આવતા ધંધુકાની સાત જેટલી સોસાયટીઓમાં પાણી ભરાયા છે. આ સાથે હજારો લોકોનની અવરજવરવાળા ધંધુકા અમદાવાદ હાઈવે પર પણ પાણી ધસી આવતા હાઈવે બંધ કરવાની ફરજ પડી છે. હાલ સૌરાષ્ટ્ર તરફથી આવતા તમામ વાહનો ધંધુકા ખાતે રોકી દેવામાં આવ્યા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમા લઈને ધંધુકા પોલીસ દ્વારા ધંધુકા સર્કલથી અમદાવાદ હાઈવે બંધ કરવામાં આવ્યો છે. આ હાઈવે બંધ કરવાને કારણે અનેક લોકો રસ્તા પર જ ફસાયા છે અને વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પાળીયાદ આવેલ સુખભાદર ડેમના ૧૨ દરવાજા ખોલવામાં આવ્યા છે. સુખભાદર ડેમ પાળીયાદ ખાતે આવેલો છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના પગલે ૧૨ દરવાજા ત્રણ ફૂટ ખોલવામાં આવ્યા છે. જેથી નીચાણવાળા ગામો જેમકે, ઉમરાળા, અલમપુર, રાણપુર, કનારા, નાગનેશ, દેવળીયાને એલર્ટ કરી દેવાયા છે. આ પહેલા ૨૪ ઓગસ્ટના રોજ ડેમ ઓવરફ્લો થયો હતો. વહેલી સવારથી રાજ્યમાં વરસાદ વરસી રહ્યો છે. ૧૦ વાગ્યા સુધીમાં ૧૦૩ તાલુકામાં મધ્યમથી ધોધમાર વરસાદ નોંધાયો છે. જેમાં ૫ તાલુકામાં ૧થી ૨ ઈંચ સુધીનો વરસાદ પડ્યો છે. જ્યારે ૨૪ તાલુકામાં ૧૦દ્વદ્વથી ૧ ઈંચ સુધીનો વરસાદ પડ્યો છે. જ્યારે અન્ય તાલુકામાં ૧૦દ્વદ્વ કરતા ઓછો વરસાદ આજે સવારે ૧૦ વાગ્યા સુધી નોંધાયો છે.

શહેરમાં કોરોના.... ● છેલ્લા પાનાનું ચાલુ

સર્વેલન્સ માટેની સૂચનાઓ જારી કરી છે.

જી.ઈ.બી. છાપરા વિસ્તારમાંથી એક ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ચરેડી છાપરામાં રહેતા અને જી.ટી.પી.એલ. ઓફિસમાં નોકરી કરતા ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. મનોચિકિત્સક તરીકે ગોતામાં સેવાઓ આપતી અને સે. ૮ માં રહેતી એક ૫૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મનોચિકિત્સકે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના એક સભ્યને ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૭ માં રહેતી એક ૮૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સ્થિત એસ.જી.વી.પી. હોસ્પિટલમાં દાખલ કરેલ છે. તંત્રએ આ મહિલાના પરિવારના ૭ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે. નાણાં વિભાગમાં નાયબ સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા અને સે. ૨૯ માં રહેતા એક ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૪ માંથી એક ૭૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ વૃદ્ધના પરિવારના પાંચ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨ માં રહેતા અને અભ્યાસ કરતા એક ૧૯ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ વિદ્યાર્થીના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૩ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩ માંથી બીજો એક કેસ નોંધાયો છે. તે ૭૧ વર્ષીય વૃદ્ધનો છે. તેમને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ તેમના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૧૭ માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. વિધાનસભામાં ઉપસચિવ તરીકે સેવાઓ આપતા ૫૦ વર્ષીય પુરૂષ અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતા એક ૪૫ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ જવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સાબરમતી ગેસ કંપનીની સે. ૨૧ સ્થિત કચેરીમાં નોકરી કરતા અને સે. ૬ માં રહેતા ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સિવિલના પી.આઈ.યુ.માં સેવારત ૮૦ વર્ષીય ડે. એન્જીનીયરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે એસ.એમ.વી.એસ.માં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ તેમના પરિવારના પાંચ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગ્રામ્યમાં કોરોના.... ● છેલ્લા પાનાનું ચાલુ

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં વધી રહેલા કેસોથી તંત્રની ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે બોરીસણા ગામેથી એક ૫૦ વર્ષીય મહિલા અને ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સાંતેજ ગામેથી પણ બે કેસ મળી આવ્યા છે. જેમાં ૨૭ વર્ષના યુવાન અને ૩૦ વર્ષના યુવાનનો સમાવેશ થાય છે. ધમાસણા ગામેથી એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર ગ્રામ્ય વિસ્તારના નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૩૭૧ દર્દીઓ કોરોનાને મહાત કરી ચુક્યા છે. જિલ્લામાં હાલ ૧૫૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૬,૫૨૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

પુરતા ફોર્સથી.... ● છેલ્લા પાનાનું ચાલુ

સંતોષવા માટે પ્રતિદિન ૫૫ એમ એલ ડી જેટલો પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. આમછતા સેકટરોમાં વારંવાર પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો નાગરિકોના રોષનુ કારણ બને છે. ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે ત્યારે શહેરમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે પણ યોજના તૈયાર કરી દેવામાં આવી છે. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાની સાથે પમ્પીંગ સ્ટેશનનુ પણ નવિનીકરણ કરવામાં આવશે આગામી દિવસોમાં શહેરના સેકટરોમાં ૨૪ કલાક પાણી આવશે પરંતુ હાલ સેકટરોમાં ગમે ત્યારે પાણીનો ફોર્સ ઘટી જતો હોવાની ફરિયાદો પણ નગરની ગૃહીણીઓ માટે રોષનુ કારણ બને છે. સે-૨૩ માં પણ છેલ્લા કેટલાક દિવસોથી પાણી પુરતા દબાણથી ન આવતુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરમાં સવારે સપ્લાય વેળાએ આજે પણ પાણી ૮ વાગ્યામાં બંધ થઈ ગયુ હતુ જેના લીધે રોજબરોજ સ્થાનિકોએ હાલાકી વેઠવી પડે છે. સેકટરના જ -૧ કક્ષાના આવાસોમાં પણ પાણીનો ફોર્સ અત્યંત ઓછો થઈ ગયો હોવાનો કકળાટ પ્રવર્તયો છે. આ અંગે સ્થાનિકોએ રજુઆત પણ કરી છે. સેકટરમાં પાણી ફોર્સથી આવે તે માટે પાટનગર યોજના વિભાગના તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

તંત્રની નોટીસ.... ● છેલ્લા પાનાનું ચાલુ

આવ્યા હતા. તંત્ર દ્વારા ૧ હોટલ માલિકને નોટીસ આપવામાં આવી હતી. કલોલમાં ૧૦૬ હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબાની તપાસ કરાઈ હતી. જેમાં ૭૫૦ જેટલા સંભવિત ઉત્પત્તિ સ્થાનોની તપાસ દરમ્યાન ૮૦ જેટલા સ્થાનો પર બ્રિડીંગ મળી આવ્યા હતા. તાલુકામાં ૯ હોટલ-રેસ્ટોરન્ટના સંચાલકોને નોટીસ અપાઈ હતી. માણસા તાલુકામાં ૭૪ હોટલ, રેસ્ટોરન્ટની તપાસ કરાઈ હતી. જેમાં ૬૧૪ સંભવિત ઉત્પત્તિ સ્થાનોની તપાસ દરમ્યાન ૪૮ જગ્યાએ પોરા મળી આવ્યા હતા.

વિવેકાનંદ અકેડમી... ● છેલ્લા પાનાનું ચાલુ

કર્યુહતુ. અનેક યુવાનોના જીવન અને કારકિર્દી ઘડતરમાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. હંમેશા સૌ કોઈને મદદરૂપ થવાની તત્પરતા ધરાવતા ઉમદા માનવી તરીકે જાણીતા રાજુભાઈએ સ્થાપેલી સ્વામી વિવેકાનંદ એકેડેમી ખૂબ લોકપ્રિય બની હતી. રાષ્ટ્રવાદી વિચારધારા સાથે શિક્ષણક્ષેત્ર